# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-12-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************************

- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, બંધારણ એ ઇતિહાસ, ધર્મ, સંસ્કૃતિ અને પરંપરાનું મિશ્રણ છે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જયપુરમાં 46 હજાર 300 કરોડ રૂપિયાથી વધુની કિંમતની યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે, ભારત મેડિકલ ટુરિઝમના સસ્તા કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.
- ✓ લોકસભામાં ‘એક રાષ્ટ્ર એક ચૂંટણી’ અંગેનાં બે ખરડા દાખલ કરવામાં આવ્યા.
- ✓ કેનેડાના નાયબ પ્રધાનમંત્રી અને નાણાં મંત્રીનું રાજીનામું આપતા પ્રધાનમંત્રી ટ્રુડોનાં રાજીનામાંની માંગણીએ જોર પકડ્યું.
- ✓ બ્રિસ્બેનમાં રમાઇ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ મેચમાં ભારત ઓસ્ટ્રેલિયા સામે ફોલો-ઓન ટાળવામાં સફળ.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RS-CONSTITUTION

રાજ્યસભામાં આજે બંધારણનાં ગૌરવશાળી 75 વર્ષ પરની વિશેષ ચર્ચાનો પ્રારંભ થયો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું છે કે, બંધારણ એ ઇતિહાસ, ધર્મ, સંસ્કૃતિ અને પરંપરાનું મિશ્રણ છે. તેમણે જણાવ્યું કે સરદાર પટેલને કારણે દેશ આજે વિશ્વ સમક્ષ મજબૂત બનીને ઊભો છે.

(બાઇટ- અમિત શાહ- ગૃહમંત્રી)

આજે સવારે ચર્ચાનો પ્રારંભ કરતા ગૃહના નેતા અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ જણાવ્યું કે, ભારત સૌથી મોટી લોકશાહી હોવાની સાથે સાથે લોકશાહીની જનની છે. તેમણે જણાવ્યું કે, ભારતીય નૈતિકતા મુજબ, લોકશાહીમાં સ્વતંત્રતા, સ્વીકાર્યતા, સમાનતા અને સર્વસમાવેશકતાનો સમાવેશ થાય છે, જે નાગરિકોને ગૌરવપૂર્ણ જીવન જીવવાની મંજૂરી આપે છે. તેમણે કહ્યું કે, રાષ્ટ્ર બંધારણ સભાના સભ્યોનું ઋણી છે જેમણે ભારતીય બંધારણને આકાર આપ્યો.

ટીએમસીના સુસ્મિતા દેવે આક્ષેપ કર્યો કે, રાષ્ટ્રની 40 ટકા સંપત્તિ એક ટકા વસ્તી પાસે છે. તેમણે સરકાર પર મણિપુર મુદ્દે મૌન ધારણ કરવાનો આરોપ મૂક્યો હતો. જેડી (યુ)ના નેતા અને કેન્દ્રીય મંત્રી રામનાથ ઠાકુરે  કોંગ્રેસ પર પ્રહારો કરતા જણાવ્યું કે, તેણે કટોકટી લાદીને બંધારણ પર હૂમલો કર્યો હતો. ડીએમકેના નેતા એમ પી વિલ્સને આક્ષેપ કર્યો કે, સરકાર સંસદની અવગણના કરી રહી છે. સરકારે ચર્ચા વગર

અથવા તો એક કલાકથી પણ ઓછી ચર્ચા દ્વારા લોકસભામાં 221 ખરડા પસાર કર્યા છે.

## PM JAIPUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જયપુરમાં 46 હજાર 300 કરોડ રૂપિયાથી વધુની કિંમતના ઊર્જા, માર્ગ, રેલ્વે અને પાણી સંબંધિત 24 પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. શ્રી મોદીએ આજે રાજસ્થાનની ભજનલાલ શર્મા સરકારના એક વર્ષની સમાપ્તિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે 11,000 કરોડ રૂપિયાથી વધુની કિંમતના 9 પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું, જેમાં કેન્દ્ર સરકારના 7 પ્રોજેક્ટ અને રાજ્ય સરકારના 2 પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. તેમણે 35,300 કરોડ રૂપિયાથી વધુની કિંમતના 15 પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો.

આ યોજનાઓથી રાજસ્થાનને થનારા લાભ અંગે પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યું,,

(BYTE- PM RAJASTHAN)

શ્રી મોદીએ જણાવ્યું કે જળ સંચય એ સમયની જરૂરિયાત છે અને દેશના દરેક નાગરિકે તેમાં યોગદાન આપવું જોઈએ. પ્રધાનમંત્રીએ કહ્યું કે પાણીના દરેક ટીપાનો ઉપયોગ પૃથ્વી માતાની તરસ છીપાવવા માટે થવો જોઈએ. તેમણે કહ્યું કે ઘણા રાજ્યોમાં જનભાગીદારી સાથે મોટી સંખ્યામાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ માળખાં બનાવવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડે, રાજ્યના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, મધ્યપ્રદેશના મુખ્યમત્રી મોહનલાલ યાદવ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## PRESIDENT-AIIMS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે, ભારત મેડિકલ ટુરિઝમના સસ્તા કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે અને આ પ્રગતિમાં ડોકટરો મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. તેઓ આજે આંધ્રપ્રદેશમાં AIIMS મંગલાગિરીના દીક્ષાંત સમારોહને સંબોધિત કરી રહ્યાં હતાં. રાષ્ટ્રપતિ મુર્મુએ માનવતાની સેવા કરવાના માર્ગ તરીકે તબીબી વ્યવસાયની પ્રશંસા કરી. તેમણે ડોકટરોને સેવા, સતત ભણતર અને સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી.

આ પ્રસંગે મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી પ્રતાપરાવ જાધવ ઉપસ્થિત રહ્યા હતા.

## NATIONAL TESTING AGENCY

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે, રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા-NTA વર્ષ 2025થી માત્ર ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ માટેની પરિક્ષા જ લેશે. એનટીએ ભર્તી પરિક્ષા નહીં લે.

આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પ્રધાને જણાવ્યં કે, સરકાર 10 નવા હોદ્દાઓ ઊભા કરીને રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થાનું માળખું બદલવાની યોજના ધરાવે છે.

તેમણે જણાવ્યું કે, NEET UG ને ઓનલાઇન અથવા પેન એન્ડ પેપર ફોર્મેટમાં હાથ ધરવી તે મુદ્દે આરોગ્ય મંત્રાલય સાથે મંત્રણા ચાલી

રહી છે. તેમણે જણાવ્યું કે, છેલ્લાં આઠ વર્ષમાં પ્રતિ બાળક ખર્ચમાં 130 ટકાનો વધારો થયો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

## SRI LANKA PRESIDENT BIHAR VISIT

**શ્રીલંકાના પ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે આજે બિહારમાં બોધગયામાં વૈશ્વિક વારસા મહાબોધિ મંદિરની મુલાકાત લીધી હતી. અહીં તેમણે મંદિરનાં ગર્ભગૃહમાં પુજા અર્ચના કરી હતી. તેમની સાથે 14 સભ્યોનું પ્રતિનિધિમંડળ હતું.**

**શ્રી દિસાનાયકે બોધિ વૃક્ષ નીચે હાલમાં ચાલી રહેલા 10 દિવસના કાગ્યુ મોનલામમાં હાજરી આપી હતી. તેમણે મહાબોધિ સોસાયટી ઓફ ઇન્ડિયા, બોધગયા સેન્ટર અને ભગવાન બુધ્ધ સાથે સંકળાયેલા સાત સ્થળોની પણ મુલાકાત લીધી હતી.**

## ONE NATION ONE ELECTION

આજે લોકસભામાં 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' અંગેનાં બે ખરડાઓ લોકસભામાં રજૂ કરવામાં આવ્યા છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલે ગૃહમાં બંધારણીય સુધારા ખરડો, 2024 અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા સુધારા ખરડો, 2024 રજૂ કરતાંની સાથે જ વિરોધ પક્ષોએ મત વિભાજનની માંગણી કરી હતી. 269 સભ્યોએ ખરડા રજૂ કરવાની તરફેણમાં અને 198 સભ્યોએ વિરોધમાં મતદાન કર્યું હતું.

કોંગ્રેસ, ટીએમસી, સમાજવાદી પાર્ટી, ડીએમકે સહિતનાં વિરોધ પક્ષોએ ખરડાઓને દાખલ કરવા સામે વિરોધ કરીને તેને બંધારણનાં મુળ માળખા પરનો હૂમલો ગણાવ્યો હતો. તેમણે ખરડાઓને સંયુક્ત સંસદીય સમિતી-JPCને મોકલવાની માંગણી કરી હતી.

શ્રી મેઘવાલે વિરોધ પક્ષોનાં આક્ષેપને ફગાવી દીધાં હતાં. દેશનાં પ્રથમ કાયદા મંત્રી ડોક્ટર ભીમરાવ આંબેડકરનાં નિવેદનનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, બંધારણનાં સમવાય માળખામાં કોઈ પરિવર્તન ન કરી શકે.

કોંગ્રેસના મનીષ તિવારીએ જણાવ્યું કે, ભારત રાજ્યોનો સંઘ છે અને આ ખરડાઓને પાછા ખેંચી લેવા જોઇએ. ટીએમસીના સાંસદ કલ્યાણ બેનરજી અને ડીએમકેના સાંસદ ટીઆર બાલુએ પણ ખરડાઓનો વિરોધ કર્યો હતો.

## SMART PHONE EXPORTS

ભારત વિશ્વમાં સ્માર્ટફોનનો 3જો સૌથી મોટો નિકાસકાર બની ગયો છે, જે 2019માં 23મા ક્રમે હતો. દેશની સ્માર્ટફોનની નિકાસ નવેમ્બર 2024માં 20 હજાર કરોડ રૂપિયાના આંકને વટાવી ગઈ છે. એક સમાચાર

લેખને ટાંકીને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ સિધ્ધિની પ્રશંસા કરી હતી.

આ સિદ્ધિ નાણાકીય વર્ષ 2024-25માં ઉત્પાદન મૂલ્યના 70-75 ટકા નિકાસ કરવાની પ્રોડક્શન -લિંક્ડ ઇન્સેન્ટિવ-PLI યોજનાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

## CANADA PM

કેનેડામાં ફરી એકવાર પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોનાં રાજીનામાની માંગણીએ જોર પકડ્યું છે. નાયબ પ્રધાનમંત્રી અને નાણાં મંત્રી ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે અમેરિકાના પદનામિત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ ધમકીઓ અંગે તેમની સાથે અસંમત થયા પછી આશ્ચર્યજનક પગલામાં બંને હોદ્દા પરથી રાજીનામું આપ્યા બાદ પ્રધાનમંત્રી ટ્રુડોનાં રાજીનામાની માંગણી થઈ રહી છે. ફ્રીલેન્ડનું રાજીનામું ટ્રુડો સામે મંત્રીમંડળમાંથી પ્રથમ ખુલ્લો અસંતોષ અને તેમની સત્તા સામે પડકાર છે.

લિબરલ પાર્ટીના ત્રીજા સાંસદે કેનેડામાં સત્તા પરિવર્તનની માંગણી કરતા દેશમાં રાજકીય કટોકટી ઘેરી બની છે. આ સાથે હાઉસ ઓફ કોમન્સનાં 153 સભ્યોમાંથી 60 સભ્યોએ ટ્રુડોની હકાલપટ્ટીની માંગણી કરી છે.

## UKRAINE KILLED RUSSIAN GENERAL

રશિયન પરમાણુ સંરક્ષણ દળોના પ્રભારી અને ટોચના મિલિટ્રી જનરલ ઇગોર કિરીલોવનું આજે મોસ્કોમાં બોંબ વિસ્ફોટમાં મૃત્યુ થયું છે.

રશિયન તપાસ સંસ્થાના જણાવ્યા પ્રમાણે ઇલેક્ટ્રિક સ્કુટરમાં મૂકાયેલા બોમ્બ વિસ્ફોટમાં કિરિલોવના નજીકના સાથીનું પણ મૃત્યુ થયું છે.

સરકારી સમાચાર એજન્સી TASS અનુસાર, આ ઘટના ક્રેમલિનના દક્ષિણ- પૂર્વમાં મુખ્ય માર્ગ રાયઝાન્સ્કી પ્રોસ્પેક્ટ પર બની હતી. યુક્રેન સામેના યુધ્ધમાં મૃત્યુ પામનારા કિરિલોવ સૌથી વરિષ્ઠ લશ્કરી અધિકારી છે. કિરિલોવ યુક્રેન સામેનાંયુદ્ધમાં મૃત્યુ પામનારા અત્યાર સુધીનાં સૌથી વરિષ્ઠ મિલિટ્રી જનરલ છે. તેમણે એપ્રિલ 2017માં દળનું નેતૃત્વ સંભાળ્યું હતું. માધ્યમોનાં અહેવાલ પ્રમાણે યુક્રેનની સલામતી સેવાએ હૂમલાની જવાબદારી લીધી છે.

## CRICKET - IND VS AUS

બ્રિસ્બેનમાં રમાઇ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ મેચમાં ભારત ઓસ્ટ્રેલિયા સામે ફોલો-ઓન ટાળવામાં સફળ રહ્યું હતું. રમતના ચોથા દિવસે ભારતે નવ વિકેટે 252 રન બનાવ્યા હતા. હજુ પણ તે 193 રનથી પાછળ છે. ખરાબ પ્રકાશને કારણે મેચ વહેલી પૂરી કરવામાં આવી હતી.

ભારતે ગઈકાલના ચાર વિકેટે 51 રનથી રમત આગળ ધપાવી હતી. કેએલ રાહુલે 84 અને રવિન્દ્ર જાડેજાએ 77 રન કર્યા હતા. ઓસ્ટ્રેલિયાના પેટ કમિન્સે ચાર અને મિચેલ સ્ટાર્કે ત્રણ વિકેટ લીધી હતી. જસપ્રિત બુમરાહ અને આકાશ દીપ ટકી રહેતાં ફોલો-ઓન ટાળી શકાયું હતું. અગાઉ, ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઇનિંગમાં 445 રન કર્યા હતા.